





શક્તિ પ્રદર્શન : સુરત મહાનગર ભાજપના સ્નેહમિલનમાં ત્રીસ હજારથી વધુ કાર્યકરો ઉમટ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના સાંનિધ્યમાં યોજાયેલ સ્નેહમિલન સમારોહમાં ઉમટેલા કાર્યકરોએ ભાજપની શક્તિનું સુરતનો પરિચય કરાવ્યો હતો. આગામી ચૂંટણીના સંદર્ભે ભાજપે દરેક જિલ્લામાં અને મહાનગરોમાં સ્નેહમિલનના આ કાર્યક્રમના માધ્યમથી કાર્યકરોને ચૂંટણી માટે જોમ અને જુસ્સો આપી રહ્યો છે. સુરતમાં યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમની ચર્ચા બુધવારે રાજ્યભરમાં જોરશોરથી ચાલી હતી.

# વર્ષ-૨૦૨૨ની જાહેર રજાઓ

### રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ૨૪ જાહેર રજાઓ અને ૪૯ મરજીયાત રજાઓ જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

આગામી વર્ષ ૨૦૨૨ની જાહેર અને મરજીતાયત રજાઓ જાહેર કરાઈ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ ઉપરાંત બોર્ડ/કોર્પોરેશન અને પંચાયતના કર્મચારીઓને પણ આ જ જાહેર રજાઓ લાગુ પડશે. સામાન્ય વહીવટ વિભાગે નોટીફિકેશન બહાર પાડી જાહેર અને મરજીયાત રજાઓ પ્રસિદ્ધ કરી છે.

| ક્રમાંક | જાહેર રજાનું નામ | તારીખ |
|---|---|---|
| ૧ | મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી |
| ૨ | પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી |
| ૩ | મહાશિવરાત્રી | ૧લી માર્ચ |
| ૪ | હોળી બીજો દિવસ ધૂળેટી | ૧૮મી માર્ચ |
| ૫ | ચેટીચાંદ | ૨જી એપ્રિલ |
| ૬ | ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન | ૧૪મી એપ્રિલ |
| ૭ | ગ્રુડ ફ્રાઈડે | ૧૫મી એપ્રિલ |
| ૮ | પરશુરામ જયંતિ, રમજાન ઈદ | ૩જી મે |
| ૯ | મહોરમ | ૯મી ઓગષ્ટ |
| ૧૦ | રક્ષાબંધન | ૧૧મી ઓગષ્ટ |
| ૧૧ | સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઓગષ્ટ |
| ૧૨ | પારસી નૂતન વર્ષ | ૧૬મી ઓગષ્ટ |
| ૧૩ | જન્માષ્ટમી | ૧૯મી ઓગષ્ટ |
| ૧૪ | સંવત્સરી | ૩૧મી ઓગષ્ટ |
| ૧૫ | દશેરા | ૫મી ઓક્ટોબર |
| ૧૬ | દિવાળી | ૨૪મી ઓક્ટોબર |
| ૧૭ | નૂતન વર્ષ/બેસતુ વર્ષ | ૨૬મી ઓક્ટોબર |
| ૧૮ | સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧મી ઓક્ટોબર |
| ૧૯ | ગુરૂનાનક જયંતી | ૮મી નવેમ્બર |

### નીચેની રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરી નથી

| | | |
|---|---|---|
| ૧ | રામ નવમી | ૧૦મી એપ્રિલ |
| ૨ | બકરી ઈદ | ૧૦મી જુલાઈ |
| ૩ | મહાત્મા ગાંધીનો જન્મદિન | ૨જી ઓક્ટોબર |
| ૪ | ઈદ-એ-મિલાદુ-નબ્બી | ૯મી ઓક્ટોબર |
| ૫ | નાતાલ | ૨૫મી ડિસેમ્બર |

# સહાય મેળવવા કોરોના ન હોવાનું સાબિત કરવા કોર્ટમાં જવું પડ્યું

### કોરોનાથી મૃત્યુની સહાય માટે લોકોને હાલાકી : હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચની સંપૂર્ણ ભરપાઈ વીમા કંપની દ્વારા કરવામાં આવે તે માટે આ પગલાં જરૂરી

અમદાવાદ, તા.૨૪

એક પ્રકારની સમયની વક્રતા કહેશું કે બીજુ કંઈ જ્યારે કોવિડ-૧૯ પીડિતોના હજારો સગાઓ સરકાર પાસેથી રૂ. ૫૦,૦૦૦ ની સહાય મેળવવા માટે તેમના સ્વજન કોરોના વાયરસથી મૃત્યુ પામ્યા છે તે સાબિત કરવાનું મુશ્કેલ કાર્ય કઈ રીતે પાર પડશે તેની મથામણ કરી રહ્યા છે ત્યાં લોકોનો એક વર્ગ એવો પણ છે કે જે મહામારીના ગાળામાં પોતાને થયેલો વાયરલ ન્યુમોનિયા કોવિડને કારણે ન હતો તે સાબિત કરવા માટે કાયદાકીય લડાઈ લડવા માટે મજબૂર બન્યા છે. જેથી તેમને હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચની સંપૂર્ણ ભરપાઈ વીમા કંપની દ્વારા કરવામાં આવે. રાજકોટ જિલ્લાના ધોરાજીના રહેવાસી દિલીપ કોરાડોયા જેમના પુત્રને વાયરલ ન્યુમોનિયા થતાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જે બાદ તેમણે વીમા કંપની પાસે ક્લેમ કર્યો તો કંપનીએ કોરોના દરમિયાન હોસ્પિટલના ચાર્જને લઈને સરકાર દ્વારા કેપિંગ અંગેના પરિપત્રને ટાંકીને તેમના દીકરાની સારવારના બિલની અડધી રકમ કાપી લીધી હતી. જે બાદ ન્યાય માટે તેમણે રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચનો સંપર્ક કરવો પડ્યો હતો. વીમા કંપની પર દાવો માંડ્યા પછી જ તેણે વિવાદનું સમાધાન કર્યું અને કોરાડિયાને સંતોષકારક રકમ ચૂકવી આપી હતી.

કેસની વિગતો મુજબ, કોરાડિયાએ તેમના પરિવાર માટે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી રૂ. ૭.૨૫ લાખનું કવર ખરીદ્યું હતું. તેમનો પુત્ર મીત ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બીમાર પડ્યો હતો અને તેને સુરતમાં મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં વાયરલ ન્યુમોનિયા માટે તેની સારવાર કરવામાં આવી હતી અને ૫ ઓક્ટોબરે તેને રજા આપવામાં આવી હતી. જે માટે રુ. ૨.૦૨ લાખનું મેડિકલ બિલ આવ્યું હતું. ડિસ્ચાર્જ સમરીમાં હોસ્પિટલે જણાવ્યું હતું કે દર્દી વાયરલ ન્યુમોનિયાથી પીડાતો હતો અને તે કોવિડ- પોઝિટિવ નહોતો. ડિસ્ચાર્જના એક દિવસ પછી, કોરાડિયાએ વીમા કંપનીને વળતર માટે કહ્યું. વીમા કંપનીએ રૂ. ૧.૦૧ લાખની રકમ મંજૂર કરી અને રૂ. ૧.૦૩ લાખ કાપ્યા. વીમા કંપનીએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કોવિડ-૧૯ પરિપત્રને ટાંકીને પોતે આપેલા કોવિડ-૧૯ માટે હોસ્પિટલના ચાર્જીસના અડધા વળતરને યોગ્ય ઠેરવ્યું હતું. કોરાડિયા વીમા કંપની સાથે સહમત ન હતા અને દાવો કર્યો હતો કે ૯૭,૦૦૦ રૂપિયાની રકમ ખોટી રીતે કાપવામાં આવી હતી. પિતાએ ડિસેમ્બરમાં વીમા કંપની દ્વારા જારી કરાયેલ બિલ આકારણી શીટને ટાંકી હતી જેમાં અંતિમ નિદાનનો ઉલ્લેખ વાયરલ ન્યુમોનિયા તરીકે કરવામાં આવ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોવિડ પોઝિટિવ નથી. તેણે દાવો કર્યો કે તેનો પુત્ર કોવિડ-૧૯થી પીડિત નથી અને ડિસ્ચાર્જ રિપોર્ટમાં સ્પષ્ટપણે એવું કહેવામાં આવ્યું છે. તેમણે દલીલ કરી કે જ્યારે દર્દીને વાયરલ ન્યુમોનિયા હોવાનું નિદાન થયું હોય અને કોવિડ-નેગેટિવ જાહેર કરવામાં આવ્યો હતો, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનનો કોવિડ૧૯ પરિપત્ર મેડિક્લેમમાંથી રકમ કાપવા માટે અપ્રસ્તુત બને છે. જ્યારે વીમા કંપનીને જાણવા મળ્યું કે આ મુદ્દો ગ્રાહક કોર્ટમાં પહોંચ્યો છે, ત્યારે તેણે વિવાદનું સમાધાન કરવાની ઓફર કરી. કોરાડિયાને અમુક દવાઓની કિંમત અને હોસ્પિટલના ડિસ્કાઉન્ટ અંગે નજીવી કપાત સામે વાંધો નહોતો અને ૮૩,૦૦૦ રૂપિયાની વધારાની ચુકવણી પર વિવાદનું સમાધાન થયું હતું. જેના કારણે તેમણે આ મહિનાની શરૂઆતમાં તેની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી.

# એક પગ કપાયો છતાં જુસ્સો અને ખુમારી અકબંધ : સાહેબ ભીખ નહીં ધંધો આપો

### સેવન સ્ટાર ફાઉન્ડેશને શાકભાજીની લારી કરી આપી



ડીસાના શિવનગર એરિયામાં રહેતા જોગાભાઈને થોડા સમય પહેલા એક્સીડેન્ટ થવાના કારણે એક પગ કપાવી નાખવામાં આવ્યો એટલે તેઓ કોઈ જ કામ ધન્ધે જઈ શકતા નથી. તેથી તેમને મોંઘવારીમાં ઘર ચલાવવું ખુબ જ મુશ્કેલ બની ગયું હતું. જોગાભાઈની આ હાલતની સેવન સ્ટાર ફાઉન્ડેશનને ખબર પડતા છેલ્લા છ મહિનાથી એમને કરિયાણાની કીટ ઘર સુધી પહોંચાડી રહ્યું હતુ પણ જોગાભાઈનું કહેવું એવું હતું કે 'સાહેબ મારે આ રીતે ભીખ માંગીને ઘરનું ગુજરાન નથી કરવું પણ મારે મહેનત અને મજૂરી કરીને મારાં ઘરનું ગુજરાન કરવું છે એટલે તમે મને કોઈ ધંધો કરી આપો'. એક પગ કપાઈ ગયો હોવા છતાં જોગાભાઈનો આવો જુસ્સો જોઈને સેવન સ્ટાર ફાઉન્ડેશને જોગાભાઈ ખુદનું અને એમના પરિવાર નું ગુજરાન કરી શકે એ માટે આખી શાકભાજી ભરેલી લારી લાવી આપીને એમને ધંધાનું પણ સેટઅપ કરી આપ્યું હતું.એક પગ કપાઈ ગયો હોવા છતાં જોગાભાઈની ખુમારીને સેવન સ્ટાર ફાઉન્ડેશનના હોદ્દેદારોએ મુક્ત કંઠે બિરદાવી અન્યોને પણ તેમનામાંથી પ્રેરણા લેવા અપીલ કરી એવાને મદદ કરવા તૈયારી પણ દાખવી હતી.

### રાજ્યના અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષના

# યુવક યુવતીઓ માટે "સાગરકાંઠા પરિભ્રમણ" કાર્યક્રમ આગામી ડિસેમ્બર માસમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક યુવતીઓ સાહસિક બને કુદરતી વાતાવરણમાં તેઓની શક્તિ ખીલે, તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સાગરકાંઠા પરિભ્રમણનું આયોજન કરાયું છે.

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારના ખર્ચે નારગોલથી દાંડી ૧૦ (દસ) દિવસનો સાગરકાંઠા પરિભ્રમણ કાર્યક્રમ આગામી ડિસેમ્બર-૨૦૨૧માં યોજવામાં આવનાર છે. જેમાં પસંદ થયેલ ૧૦૦ યુવક યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

માત્ર અનુસૂચિત જાતિના યુવક યુવતીઓ કે જેઓ તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ નિયત નમૂનાની પોતાની અરજી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી વલસાડ, રૂમ નં-૧૦૬, જુની ટેલીફોન એક્ષચેન્જ, હાલર રોડ, વલસાડ -૩૯૬૦૦૧ને તા. ૧૫-૧૨-૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે. ઉમેદવારોએ પુરૂ નામ/સરનામું (આધાર કાર્ડ/ ચુંટણી મતદાતા ઓળખ કાર્ડ/ રાજ્ય, કેન્દ્ર સરકાર, શાળા, કોલેજ કે યુનિવર્સિટી દ્વારા અપાયેલ ફોટા સાથેના ઓળખકાર્ડની પ્રમાણીત નકલ તથા રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ/લાઈટબીલ/ગેસબીલ/ ટેલીફોન બીલની પ્રમાણીત નકલ સામેલ કરવી, જન્મ તારીખ (જન્મ તારીખના પ્રમાણ પત્ર/શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ બિનચૂક સામેલ કરવી), શૈક્ષણિક લાયકાત/વ્યવસાય અંગેની માહિતી, પર્વતારોહણ, એન.એ.સી., એન.એસ.એસ કે સ્કાઉટ ગાઈડ, હોમ ગાર્ડઝ જેવી પ્રવૃત્તિઓની શિબિરમાં તથા રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ હોય તેની વિગત, વાલીનો સંમતી પત્ર, શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડોકટરનું પ્રમાણપત્ર, અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિતની અરજી કરવાની રહેશે.

અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. પસંદ થયેલ યુવક યુવતીઓને જ આ બાબતની જાણ કરવામાં આવશે આ માટે કોઈ પત્ર વ્યવહાર કે વાદ-વિવાદ કરી શકાશે નહિ. તેમ વધુમાં જણાવાયું છે.

# પૂનમભાઈ મકવાણા કોલ ઈન્ડિયા લી.ના ડિરેક્ટર પદે નિમાયા

કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલય હસ્તક કાર્યરત કોલ ઈન્ડિયા લી.ના ડાયરેક્ટર તરીકે પૂર્વ સંસદીય સચિવ અને જિલ્લાના અગ્રણી પુનમભાઈ



મકવાણાની નિયુક્તી કરવામાં આવી છે. કોલ ઈન્ડિયા એ દેશમાં કોલસાની તમામ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ ભારત સરકારનું મહત્વનું જાહેર સાહસ છે. જિલ્લાના પૂનમભાઈ મકવાણાની નિમણુંકથી કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. પૂનમભાઈ મકવાણા એ ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણાના પિતા છે. પૂનમભાઈએ સંગઠનમાં પણ ખૂબ કસાયેલા કાર્યકર તરીકેની આગવી ઓળખ ઉભી કરેલી છે.

## સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો આઈપીઓ ૩૦ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે

ઓફરમાં રૂ. ૨૦,૦૦૦ મિલિયન સુધીના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને ૫૮,૩૨૪,૨૨૫ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર સામેલ છે, જેમાં ૩૦,૬૮૩,૫૫૩ ઈક્વિટી શેર સેફક્રોપ ઈન્વેસ્ટમેન્ટ્સ ઈન્ડિયા એલએલપીના, ૧૩૭,૮૧૬ ઈક્વિટી શેર કોનાર્ક ટ્રસ્ટના, ૯,૫૧૮ ઈક્વિટી શેર એમએમપીએલ ટ્રસ્ટના તેમજ ૭,૬૮૦,૩૭૧ ઈક્વિટી શેર એપિસ ગ્રોથ ૬ લિમિટેડના, ૪,૧૧૦,૬૫૨ ઈક્વિટી શેર મિઓ આઈવી સ્ટારના, ૭,૪૩૮,૫૬૪ ઈક્વિટી શેર યુનિવર્સિટી ઓફ નોત્રે દેમ દુ લેકના, ૪,૧૧૦,૬૫૨ ઈક્વિટી શેર મિઓ સ્ટારના, ૨,૫૦૯,૦૯૯ ઈક્વિટી શેર આરઓસી કેપિટલ પ્રાઈવેટ લિમિટેડના, ૧,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર વેંકટસ્વામી જગન્નાથનના, ૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર સાંઈ સતિશના અને ૧૪૪,૦૦૦ સુધી ઈક્વિટી શેર બર્જિસ મિનૂ દેસાઈનાં સામેલ છે.

### ફરક્યા જ નહીં... ● પાંચમાં પાનાનું ચાલુ

કરવા માટે આહવાન કરવામાં આવ્યું. બાયડ પોલીસ સ્ટેશન આગળ વિશાળ મંડપ બાંધવામાં આવ્યો અને વ્યાજખોરો ઉપર સર્જીકલ સ્ટ્રાઈક થશે તે રીતે અરજદારો ઉમટશે તેવી સંભાવના ખોટી ઠરી. અગાઉ મળેલી રજૂઆતો પૈકી માત્ર અરજદારો વ્યાજખોરો સામે તપાસ કરવા માટે હિંમત કરી જેમાં બાયડ અને ડેમાઈના ૧-૧ અરજદાર હોવાનું સંભળાઈ રહ્યું છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી વ્યાજખોરોના કારણે બાયડ પંથકમાં અનેક લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ધમકીઓ પણ મળતી હોય છે છતાં પોલીસનો બહુ ગાજેલો લોક દરબાર કેમ નિષ્ફળ ગયો..?? તેની નિષ્પક્ષ તપાસ પણ જરૂરી છે કારણ કે અનેક વ્યાજખોરો પોલીસ સાથે ઘરોબો ધરાવે છે. અગાઉ વ્યાજખોરો સામે થયેલી ફરિયાદમાં પોલીસે તપાસના બહાના હેઠળ બંને પક્ષોને ખંખેર્યાની ગરમા ગરમ ચર્ચા ચાલતી હતી. કેટલાક કિસ્સાઓમાં પોલીસે જ લાંબુ કર્યા વગર સમાધાન કરી લેવા માટે અરજદારોને કાનમાં કહ્યાનું પણ સંભળાતું હતું. ત્યારે જિલ્લા પોલીસ વડા વ્યાજખોરોનો ત્રાસ ડામવા માટે ગમે તેટલા પ્રયાસ કરે પરંતુ સીસ્ટમમાં વ્યાપેલા સડાને દૂર નહીં કરાય ત્યાં સુધી વ્યાજખોરોનો આતંક ખતમ થાય તેવું દેખાતું નથી.

### માત્ર ૨ અરજદારો આવ્યા હતા : બાયડ પોલીસ...

બાયડ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરોથી પ્રભાવિત લોકોને મદદરૂપ થવા માટેનો લોક દરબાર યોજાઈ ગયો. પરંતુ માત્ર ૨ અરજદારો જ રજૂઆત માટે આવ્યાનું માંડ માંડ બહાર આવ્યું છે. વ્યાજે રૂપિયા લેનારાઓને લોક દરબારમાં જતાં રોક્વામાં કોને જહેમત ઉઠાવી..?? તે પણ તપાસનો વિષય છે.

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકા પંચાયતમાં હાલ કોંગ્રેસ સત્તા પર છે. તાલુકા પંચાયતમાં ભાજપ લઘુમતિમાં છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી અને ૧૫મા નાણાંપંચમાં વિકાસ કામોનું આયોજન સંવેદનશીલ મુદ્દો હોવાથી ચર્ચામાં નહિ આવે તેમ મનાઈ રહ્યું છે.

### મોસમમા નિખાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણમાં પ્રમાણમાં ઠંડક અનુભવી હતી. લઘુત્તમ તાપમાન ૧૯ માંથી સીધુ ૧૫ ડીગ્રીએ આવી ગયુ હતુ જયારે મહત્તમ તાપમાન પણ ૧.૫ ડીગ્રીના ઘટાડા સાથે ૩૨ રહ્યુ હતુ. શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડી સદંતર અદ્રશ્ય થઈ ગઈ હતી લઘુત્તમ તાપમાન પણ ૨૨ ડીગ્રી સુધી રહેતા નગરજનો દિવસે અને રાત્રિના સમયે પણ હળવી ગરમીનો અહેસાસ કરતા હતા. મહત્તમ તાપમાન પણ ૩૩ ડીગ્રીની આસપાસ હોવાથી દિવસનો તાપ આકરો બન્યો હતો જેના લીધે ઓફિસ અને ઘરોમાં એસી તેમજ પંખા ધમધમતા થઈ ગયા હતા જયારે ઠંડી ગરમીની મિશ્ર ઋતુના અહેસાસ બાદ એકાએક ગરમીનુ પ્રમાણ વધતા શિયાળાની મોસમ હજુ શરૂ જ થઈ નથી તેવો અહેસાસ પણ નગરજનો કરી રહ્યા છે ત્યારે આ સ્થિતિ વચ્ચે આજે અચાનક જ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાન સીધુ ચાર ડીગ્રી ઉંચકાયુ છે. આજે ઠંડીનો પારો ૧૫ ડીગ્રી આવી જતા નગરજનોએ સાંજ ઢળતા ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. વહેલી સવારે અને સાંજના સમયે પણ વાતાવરણમાં ઠંડી અનુભવાઈ હતી. એકબાજુ ગરમીનુ જોર વધતા શહેરીજનો શિયાળાની મોસમ ભુલી ગયા હતા. જયારે વાતાવરણમાં અચાનક બદલાવ આવતા હવે ધીમે ધીમે ઠંડીનુ જોર વધશે તેમ પણ મનાઈ રહ્યુ છે. રાત્રિના સમયે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે ઠંડીની મોસમનો મિજાજ ફરી બદલતા શોપિંગ બજારમાં ગરમ કપડાની ખરીદી પણ વધી ગઈ છે. એકબાજુ શાળાઓ ખુલી જતા હવે સ્કુલ ડ્રેસની સાથે વાલીઓ વિદ્યાર્થીઓ માટે ગરમ કપડાની પણ ખરીદી કરી રહ્યા છે. દિવસે મહત્તમ તાપમાન પણ ધીમે ધીમે ઘટી રહ્યુ છે જેના લીધે આગામી દિવસોમાં ઠંડીનો આકરો રાઉન્ડ આવશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### ચકાચક બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી નગરને સોહામણુ બનાવવા માટે તંત્ર પુરજોશમાં કામે લાગી ગયુ છે. ત્યારે મુખ્યમાર્ગોની સરફેસ લીસ્સી કરવા સહીત મહાત્મા મંદિર વિસ્તાર તેમજ એકઝીબ્યુશન સેન્ટર પર મરામત અને બ્યુટિફિકેશનના કામોને અગ્રતા આપી હાથ ધરવામાં આવી રહ્યા છે. નગરના મુખ્યમાર્ગો પર પણ વૃક્ષોની ડાળીઓથી ઢંકાયેલા સાઈન બોર્ડસ પણ વિઝનમાં આવે તે મુજબ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે સ્વર્ણિમ પાર્કનો નઝારો નિખરે તે માટે પણ રંગરોગાન તેમજ પ્લાન્ટેશનની કામગીરી પણ હાથ ધરાશે. શહેરના મુખ્યમાર્ગો પર વાઈબ્રન્ટની અસર દેખાશે ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે આમ નાગરિકોને પડતી હાલાકી દુર કરવા માટે જરૂરી પગલો લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### ધમકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએસઆઈએસ, કાશ્મીર નામના ઈમેલ આઈડીમાં સાંસદ ગૌતમ ગંભીર અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ પછી, બીજેપી સાંસદના અંગત સચિવ ગૌરવ અરોરા તરફથી મધ્ય દિલ્હી પોલીસને લેખિતમાં ફરિયાદ આપવામાં આવી છે. ગૌરવ અરોરાએ જણાવ્યું કે ૯:૩૨ વાગ્યે મેઈલ આવ્યો છે. તેમાં લખ્યું છે કે અમે તને અને તારા પરિવારને મારી નાખીશું. આ પછી દિલ્હી પોલીસને લેખિતમાં માહિતી આપવાનું પગલું લેવામાં આવ્યું હતું. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે પૂર્વ દિલ્હીના ભાજપના સાંસદ ખૂબ જ લોકપ્રિય નેતા છે. તેઓ તેમના જનહિતના કાર્યો દ્વારા પણ સતત ચર્ચામાં રહે છે. આ સાથે તેઓ રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર અભિપ્રાય આપતા રહે છે. આ બનાવમાં તાજેતરમાં જ સાંસદ ગૌતમ ગંભીરે પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુને ટ્વિટર પર ઈમરાન ખાનને પોતાનો મોટો ભાઈ કહેવા પર સલાહ આપી હતી. જેમાં તેણે કહ્યું હતું કે તમે તમારા બાળકોને બોર્ડર પર મોકલો, ત્યારબાદ આતંકવાદી દેશના વડાને મોટા ભાઈ તરીકે કહો.

### લુપ્ત થઈ જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રિપ્ટોમાં કોઈ પરમેનન્ટ વેલ્યૂ નથી, પરંતુ કેટલીક ક્રિપ્ટોકરન્સી ક્રોસ-બોર્ડર પેમેન્ટને સરળ બનાવવાનો હેતુ સારી રીતે પૂરો પાડતી હોવાથી તે કદાચ ટકી જાય. બ્લોકચેઈન ટેક્નોલોજી પર તેમણે જણાવ્યું હતું કે સરકારે તેને વધુ સુદ્રઢ બનાવવા પ્રયાસ કરવા જોઈએ. સરકાર ક્રિપ્ટોને નિયમિત કરવા માટે કોઈ વચલો રસ્તો શોધી રહી છે, અને આ અંગે કોઈ ખરડો શિયાળુ સત્રમાં આવી શકે છે. દેશની મધ્યસ્થ બેક્કે પણ અગાઉ ક્રિપ્ટો સામે ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો હતો. તેના ગવર્નર શક્તિકાંત દાસે તો ક્રિપ્ટોકરન્સીને આર્થિક સ્થિરતા સામે જોખમ પણ ગણાવી દીધી હતી.

ભારત સરકાર શિયાળુ સત્રમાં સંસદમાં ક્રિપ્ટોકરન્સીને રેગ્યુલેટ કરવા માટે એક ખરડો લાવી છે, જેમાં પ્રાઈવેટ કોઈન્સને પ્રતિબંધિત કરવાની જોગવાઈ છે. આ ઉપરાંત, રિઝર્વ બેક્ક દ્વારા સત્તાવાર રીતે ડિજિટલ કરન્સી લૉન્ચ કરવાનું ફ્રેમવર્ક પણ તૈયાર કરવાનો તેનો હેતુ છે. સરકાર લગભગ તમામ પ્રાઈવેટ ક્રિપ્ટોકરન્સીને પ્રતિબંધિત કરવાની તૈયારીમાં છે, પરંતુ ક્રિપ્ટોકરન્સીના ઉપયોગ અને ટેક્નોલોજીને પ્રમોટ કરવા કેટલીક બાંધછોડ જાહેર થઈ શકે છે.

### તકેદારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના સેમ્પલ લઈને તેનું જિનોમ સિક્વન્સ કરવામાં આવ્યું હતું. હજુ સુધી પ્રસિદ્ધ ના થયેલા આ રિપોર્ટમાં જણાવાયું છે કે ઓળખ કરાયેલા કેસોમાં ડબલ વેક્સિન લઈ ચૂકેલો લોકો પણ કોરોનાનો ચેપ બીજા લોકોને લગાડી શકે છે. વળી, ફુલ્લી વેક્સિનેટેડ લોકોથી અન્ય ફુલ્લી વેક્સિનેટેડ લોકોને ચેપ લાગવાની પણ શક્યતા ઓછી નથી. તેમાં એવી ભલામણ કરાઈ છે કે, જે લોકો બંને ડોઝ લઈ ચૂક્યા છે તેમણે પણ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, હેન્ડ વોશ જેવી તમામ વાતોની તકેદારી રાખવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, દેશમાં તાજેતરમાં જ વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝનું મહત્વનું સિમાચિન્હ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. તેવામાં વેક્સિનના બંને ડોઝ લઈ લેનારા લોકોમાં એક પ્રકારની નિશ્ચિંતતા જોવા મળી રહી છે. લોકો હવે માસ્ક પહેરવાની ભાગ્યે જ તસ્દી લે છે, અને સોશિયલ ડિસ્ટન્સિંગ તો જાણે સાવ ભૂલાઈ જ ગયું છે. તેવામાં આ અભ્યાસ એવી ભલામણ કરે છે કે વેક્સિન લીધા બાદ પણ કોરોના સામે સંપૂર્ણ સુરક્ષા નથી મળતી, અને ફુલ્લી વેક્સિનેટેડ લોકોએ પણ તકેદારી રાખવાનું ભૂલવું ના જોઈએ. ખાસ કરીને દિવાળી બાદ કેટલાક રાજ્યોમાં કેસોનો આંકડો થોડો વધ્યો હતો.